BUSINESS મિત્ર Plus

# તમારા મ્યુચ્યુઅલ ફંડ્સ યોગ્ય વળતર આપે છે કે નહીં તે જાણવાની 4 રીત

મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાં એક પ્રશ્નનો સામનો મોટાભાગના મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોએ ક્યારેક ને ક્યારેક કરવો જ પડે છે. સાચું કહીએ તો, મોટાભાગના રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડનું વિશ્લેષણ કેવી રીતે કરવું તે જાણતા નથી. જે લોકો પ્રયત્ન કરે છે, તેઓ સામાન્ય રીતે માત્ર ગયા વર્ષના વળતર જોઈને અટકી જાય છે. માત્ર એ એક આંકડો તમને સાચું ચિત્ર નથી આપતો. અહીં એક ચાર સ્ટેપનું માળખું આપેલું છે જે તમને ફંડની સાચી સ્થિતિ સમજવામાં મદદ કરશે.

**તમારા ફંડના પ્રકાર અને હેતુને સમજો**

પહેલું પગલું એ સમજવાનું છે કે તમારા પોર્ટફોલિયોમાં રહેલું દરેક ફંડ કયા કામ માટે છે. ઘણા રોકાણકારો પોતાના પોર્ટફોલિયોને માત્ર યોજનાઓના નામોના સંગ્રહ તરીકે જુએ છે, નહીં કે તેમના ચોક્કસ હેતુ તરીકે. પરંતુ મ્યુચ્યુઅલ ફંડની દરેક કેટેગરી અલગ હેતુ માટે હોય છે. ઇક્વિટી ફંડ્સ લાંબા ગાળે સંપત્તિ વધારવા માટે છે, પરંતુ તેમાં ટૂંકા ગાળાનું જોખમ વધારે હોય છે. ડેટ ફંડ્સ સ્થિરતા અને મૂડીની સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. હાઇબ્રિડ ફંડ્સ આ બંનેની વચ્ચે કામ કરે છે, જે જોખમની સાથે વૃદ્ધિનો તાલમેલ બેસાડવાનો પ્રયત્ન કરે છે.

તમારા ફંડ્સને આ મુખ્ય કેટેગરીમાં વહેંચવાથી તરત જ સ્પષ્ટતા મળી જાય છે. ૬ ટકા વળતર આપતું ડેટ ફંડ તેની ભૂમિકા મુજબ બિલકુલ યોગ્ય કામ કરી રહ્યું હોઈ શકે છે, જ્યારે ૧૦ ટકા વળતર આપતું ઇક્વિટી ફંડ તેની કેટેગરીમાં નબળું સાબિત થઈ શકે છે. સાચો પ્રશ્ન એ નથી કે "આ

**તમારા મ્યુચ્યુઅલ ફંડ રોકાણ તમારી અપેક્ષાઓ અનુસાર ચાલી રહ્યા છે કે નહીં તે અંગે તમે કેવી રીતે ધ્યાન આપો તે મહત્વનું છે. કેટલાક આગલા વર્ષનું વળતર જોઈને નક્કી કરે છે, મ્યુચ્યુઅલ ફંડ રોકાણ માટે તમારે ચાર મહત્વના મુદ્દાઓ ધ્યાને લેવાની જરૂર છે**

ફંડે કેટલું વળતર આપ્યું?" સાચો પ્રશ્ન એ છે કે "શું આ ફંડે તે જ કામ કર્યું જેના માટે તે બનેલું છે?" આ સાથે ફંડનો એક્સપેન્સ રેશિયો (ખર્ચનો ગુણોત્તર) પણ તપાસો. ૨૦ વર્ષના ગાળામાં ૧ ટકાના બદલે ૧.૫ ટકા ખર્ચ વસૂલતા ફંડ વચ્ચે મોટો તફાવત આવી જાય છે. સરખા વળતરની સ્થિતિમાં, ઓછો ખર્ચ ધરાવતું ફંડ તમારા ખિસ્સામાં વધુ પૈસા બચાવે છે.

**એક વર્ષના દેખાવના બદલે રોલિંગ રિટર્ન જુઓ**

ફંડના મૂલ્યાંકનમાં સૌથી સામાન્ય ભૂલ માત્ર એક વર્ષનું વળતર જોવાની છે. કોઈ ફંડનું એક વર્ષનું સારું કે ખરાબ પ્રદર્શન તેની ગુણવત્તા વિશે બહુ ઓછું જણાવે છે. બજારો ચક્ર પ્રમાણે ચાલે છે, અને એક સમયગાળામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી વ્યૂહરચના બીજા સમયગાળામાં સંઘર્ષ કરી શકે છે. આનાથી વધુ ઉપયોગી રીત 'રોલિંગ રિટર્ન' જોવાની છે. આ પદ્ધતિ એક નિશ્ચિત શરૂઆત અને અંતની તારીખના બદલે, અલગ-અલગ અને ઓવરલેપિંગ સમયગાળા દરમિયાન ફંડના વળતરને માપે છે. જાન્યુઆરી ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૫ સુધીના સીધા વળતરને જોવાને બદલે, રોલિંગ રિટર્ન તે પાંચ વર્ષની અંદર આવતા દરેક સંભવિત

પાંચ વર્ષના ગાળાના વળતરની ગણતરી કરે છે. આનાથી ખબર પડે છે કે ફંડે સતત તેના બેન્ચમાર્ક કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે કે પછી તેની સફળતા માત્ર બજારની કેટલીક અનુકૂળ સ્થિતિઓ પૂરતી જ મર્યાદિત હતી. જો કોઈ ફંડ વિવિધ સમયગાળા અને બજારના ચક્રોમાં મજબૂત રોલિંગ રિટર્ન બતાવે છે, તો તે સાતત્ય કોઈ એક વર્ષના શાનદાર પ્રદર્શન કરતાં વધુ કિંમતી છે.

**માત્ર વળતર નહીં જોખમ પણ માપો**

બે ફંડ્સ લાંબા ગાળે એકસરખું વળતર આપી શકે છે, છતાં તે વળતર મેળવવાની તેમની સફર તદ્દન અલગ હોઈ શકે છે. એક ફંડ ભારે ઉતાર-ચઢાવ સાથે ત્યાં પહોંચ્યું હોઈ શકે છે, જ્યારે બીજું ફંડ વધુ સ્થિરતાથી આગળ વધ્યું હોઈ શકે છે. આ તફાવત જોખમનો છે. સ્ટાન્ડર્ડ ડેવિએશન એ માપે છે કે સમય જતાં ફંડના વળતરમાં કેટલો મોટો ઉતાર-ચઢાવ આવે છે. ભારે અસ્થિર ફંડ ભલે અંતે સારું વળતર આપે, પરંતુ બજારના ઘટાડા દરમિયાન તે રોકાણકારની ધીરજની કસોટી કરે છે અને ખોટા સમયે ખોટા નિર્ણયો લેવડાવી શકે છે. શાર્પ રેશિયો (Sharpe ratio) આમાં વધુ એક સ્તર ઉમેરે છે, જે એ તપાસે છે કે ફંડે લીધેલા જોખમની સામે કેટલું કાર્યક્ષમ વળતર આપ્યું છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે પ્રશ્ન કરે છે કે શું મેળવેલું વળતર તેના માટે લેવાયેલી અસ્થિરતાના જોખમને યોગ્ય ઠેરવે છે?

હાઇબ્રિડ ફંડ્સ, જે રોકાણકારોને વધુ સ્થિર અનુભવ આપવા માટે જ બનેલા છે, તેના માટે આ માપદંડો ખાસ ઉપયોગી છે. તે દર્શાવે છે કે ફંડની વ્યૂહરચના વચન મુજબની સ્થિરતા આપી રહી છે કે નહીં. ડેટ ફંડ્સ માટે મૂલ્યાંકન બદલાઈ જાય છે. ડેટ ફંડમાં વધુ વ્યાજ કે વળતર ઘણીવાર વધુ ક્રેડિટ જોખમ લેવાથી આવે છે. ફંડની હોલ્ડિંગ્સની ક્રેડિટ ગુણવત્તા તપાસો અને જુઓ કે પોર્ટફોલિયો અલગ-અલગ ઇશ્યુઅર્સમાં બરાબર વહેંચાયેલો છે કે નહીં.

**વેલ્થ ક્રિએશન**

**ફંડ તેના વચન પ્રમાણે ચાલે છે કે નહીં તે તપાસો**

છેલ્લે, એ જુઓ કે ફંડ વાસ્તવમાં કઈ કંપનીઓના શેર કે સિક્યોરિટીઝ ધરાવે છે. શું તે માત્ર થોડી જ કંપનીઓમાં કેન્દ્રિત છે કે પછી ઘણી બધી કંપનીઓમાં વૈવિધ્યસભર (ડાયવર્સિફાઇડ) છે? જ્યારે ફંડના મોટાભાગના પૈસા ગણતરીના શેરો અથવા ઇશ્યુઅર્સ સાથે જોડાયેલા હોય, ત્યારે તેનું પ્રદર્શન પણ તે થોડી કંપનીઓના નસીબ પર નિર્ભર થઈ જાય છે. ફંડ પોતાની શૈલીને વળગી રહે છે કે નહીં તે પણ તપાસો. જો કોઈ ફંડ લાર્જ-કેપ તરીકે ઓળખાતું હોય પરંતુ વળતર વધારવાની લાલચમાં મિડ-કેપ શેરો ખરીદવાનું વધારી દે, તો તે અનુકૂળ બજારમાં કદાચ આકર્ષક લાગી શકે છે. પરંતુ આ બદલાવ રોકાણકારોને એવા જોખમમાં ધકેલે છે જે તેઓ લેવા નહોતા માંગતા, અને આ બાબત બજારની સ્થિતિ બગડે ત્યારે જ સામે આવે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાંથી ક્યારે બહાર નીકળવું?**

જ્યારે કોઈ મ્યુચ્યુઅલ ફંડ માત્ર એક ખરાબ વર્ષને બદલે સતત ઘણા વર્ષો સુધી નબળું પ્રદર્શન કરે ત્યારે જ તેમાંથી બહાર નીકળો. જો ફંડ પોતાની જાહેર કરેલી વ્યૂહરચનાથી ભટકી ગયું હોય, અથવા તમારા પોર્ટફોલિયોના અન્ય ફંડ્સ જેવું જ સરખું હોલ્ડિંગ ધરાવતું થઈ ગયું હોય, તો પણ તેમાંથી નીકળવાનો વિચાર કરો.

બજારના ચક્રોને કારણે ટૂંકા ગાળાનું નબળું પ્રદર્શન સામાન્ય બાબત છે અને તે ફંડ બદલવાનું કારણ નથી. ફંડની સમીક્ષા કરવાનો અર્થ એ નથી કે તેને તરત જ બદલી નાખવું. વારંવાર ફંડ બદલવું એ રોકાણકારોની સૌથી નુકસાનકારક આદતોમાંની એક છે. તે નુકસાનને કાયમી બનાવે છે, ટેક્સ લાગુ કરે છે અને લાંબા ગાળાના રોકાણના ચક્રવૃદ્ધિ ફાયદા (કમ્પાઉન્ડિંગ) ને રોકે છે. જે બાબત પર ધ્યાન આપવાની જરૂર છે તે છે સતત નબળો દેખાવ. જો કોઈ ફંડ ઘણા વર્ષોના સમયગાળામાં તેના બેન્ચમાર્ક અને સમકક્ષ ફંડ્સ કરતાં વારંવાર પાછળ રહી ગયું હોય, અથવા તેનો પોર્ટફોલિયો તેના મૂળ હેતુથી ગુપચુપ રીતે દૂર થઈ ગયો હોય, તો અન્ય વિકલ્પો શોધવાનો આ યોગ્ય સમય હોઈ શકે છે.

**અંતિમ નિષ્કર્ષ**

આ બધું કરવા માટે એક ચોક્કસ માળખા અને તેને નિયમિતપણે લાગુ કરવાની શિસ્તની જરૂર પડે છે. જો તમારા પોર્ટફોલિયોના દરેક ફંડ માટે આ બધું મેન્યુઅલી કરવું તમને તમારી દિનચર્યા સાથે મુશ્કેલ લાગતું હોય, તો તમારે તે જાતે કરવાની જરૂર નથી. વેલ્યુ રિસર્ચ ફંડ એડવાઇઝર તમને તમારો પોર્ટફોલિયો ઇમ્પોર્ટ કરવાની સુવિધા આપે છે અને તમારા ફંડ્સનું વિશ્લેષણ કરીને જણાવે છે કે કયા ફંડ રાખવા, કયા ફંડ પર ફરીથી વિચાર કરવો અને કયા નિષ્ણાતો દ્વારા ભલામણ કરાયેલા ફંડ્સ તમારા લક્ષ્યોને વધુ સારી રીતે સુસંગત છે. ઉપર જણાવેલા ચાર સ્ટેપ્સ તેની પાછળનું મુખ્ય ચિંતન છે અને આ ટૂલ બાકીની મહેનતનું કામ તમારા માટે સરળ કરી આપે છે.

# ભારતીય રોકાણ ઉદ્યોગમાં મ્યુચ્યુઅલ ફંડ્સની ઐતિહાસિક જીત, ઇક્વિટી બજારમાં 23.3 ટકાનો હિસ્સો વધ્યો

ભારતીય રોકાણ ઉદ્યોગમાં જૂન 2026 એક ઐતિહાસિક ક્ષણ બની. પહેલીવાર એવું બન્યું કે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સની કુલ કસ્ટડી હેઠળની સંપત્તિ -એચુસી વિદેશી સંસ્થાકીય રોકાણકારો કરતા વધી ગઇ. આ પરિવર્તન માત્ર આંકડાઓનો ખેલ નથી, પરંતુ ભારતીય રોકાણકારોની વધતી તાકાત અને બજારમાં તેમની સતત હાજરીનું પ્રતિબિંબ છે.

જોકે, આ ફેરફાર એક દિવસમાં આવ્યો નથી. છેલ્લા બે વર્ષથી સ્થાનિક રોકાણકારોએ એસઆઇપી અને મ્યુચ્યુઅલ ફંડ્સ મારફતે સતત રોકાણ કર્યું છે. બીજી તરફ, વિદેશી રોકાણકારોએ વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે ભારતીય બજારમાંથી નાણાં ઉપાડતા રહ્યા. પરિણામે, મ્યુચ્યુઅલ ફંડ્સની સંપત્તિ સતત વધી રહી છે અને જૂન 2026 સુધીમાં રૂપિયા 76.41 લાખ કરોડ સુધી પહોંચી ગઇ, જ્યારે એફઆઇઆઇનું એયુસી રૂપિયા 76.22 લાખ કરોડ રહ્યું. આ નાની માર્જિનથી થયેલી જીત દર્શાવે છે કે સ્થાનિક રોકાણકારોની ભાગીદારી હવે માત્ર પૂરક નથી, પરંતુ બજારના મુખ્ય આધારસ્તંભ બની રહી છે.

જો કે, ઇક્વિટી રોકાણની વાત કરીએ તો એફઆઇઆઇ હજી પણ આગળ છે. જૂન 2026 સુધીમાં એફઆઇઆઇ પાસે રૂપિયા 68.65 લાખ કરોડની ઇક્વિટી સંપત્તિ હતી, જ્યારે મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે રૂપિયા 54.50 લાખ કરોડ હતી. પરંતુ અંતર ઝડપથી ઘટી રહ્યું છે. સપ્ટેમ્બર 2024થી જૂન 2026 દરમિયાન એફઆઇઆઇની ઇક્વિટીમાં 12 ટકાનો ઘટાડો નોંધાયો છે, જ્યારે

આ જ સમયગાળામાં મ્યુચ્યુઅલ ફંડ્સની ઇક્વિટી 23.3 ટકાનો વધારો થયો છે. આ દર્શાવે છે કે સ્થાનિક રોકાણકારોની વિશ્વાસભરી ખરીદી બજારમાં સતત પ્રવાહ જાળવી રહી છે.

**ઘરેલું મ્યુચ્યુઅલ ફંડસની કુલ સંપત્તિ વિદેશી રોકાણકારો કરતા વધી ગઇ**

પ્રાઇમ ડેટાબેઝના આંકડા મુજબ, 31 માર્ચ 2026 સુધીમાં મ્યુચ્યુઅલ ફંડ્સનો બજારમાં હિસ્સો 11.46 ટકા સુધી પહોંચી ગયો, જે રેકોર્ડ સ્તર છે. આ સતત 11મો ક્વાર્ટર છે જ્યારે મ્યુચ્યુઅલ ફંડ્સનો માર્કેટ શેર વધ્યો છે. બીજી તરફ, એફઆઇઆઇનો હિસ્સો ઘટીને 16.13 ટકા થયો છે, જે છેલ્લા 14 વર્ષમાં સૌથી નીચું સ્તર છે. બંને વચ્ચેનું અંતર હવે માત્ર 4.67 ટકા છે, જ્યારે બે વર્ષ પહેલાં 9.34 ટકા હતું. લાંબા ગાળે જોઇએ તો માર્ચ 2015માં આ અંતર 17 ટકા હતું. આ આંકડા સ્પષ્ટ કરે છે કે છેલ્લા દાયકામાં સ્થાનિક રોકાણકારોની ભાગીદારીમાં અદ્ભુત વૃદ્ધિ થઇ છે.

આ પરિવર્તન માત્ર આંકડાઓનો નથી, પરંતુ અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ સંકેત છે. સ્થાનિક રોકાણકારોની વધતી ભાગીદારી બજારને વધુ સ્થિર બનાવે છે. એફઆઇઆઇના મૂડી પ્રવાહ પર આધારિત રહેવાને બદલે, હવે ભારતીય બજાર પોતાની આંતરિક તાકાત પર ઉભું છે.

મ્યુચ્યુઅલ ફંડ્સની આ જીત એસઆઇપીની લોકપ્રિયતા, રોકાણકારોની જાગૃતિ અને લાંબા ગાળાના વિશ્વાસનું પરિણામ છે. આ ટ્રેન્ડ આગળ વધે તો ભારતીય શેરબજાર વધુ મજબૂત અને વૈશ્વિક આંચકાઓ સામે વધુ પ્રતિરોધક બની શકે છે.

જૂન 2026નો આ ઐતિહાસિક ક્ષણ એ સાબિત કરે છે કે ભારતીય રોકાણકારો હવે માત્ર દર્શક નથી, પરંતુ બજારના મુખ્ય ખેલાડી બની ગયા છે. એફઆઇઆઇ હજી પણ ઇક્વિટી રોકાણમાં આગળ છે, પરંતુ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સની સતત વૃદ્ધિ દર્શાવે છે કે ભવિષ્યમાં ભારતીય બજારનું નિયંત્રણ વધુને વધુ સ્થાનિક હાથોમાં રહેશે.

હવે એફઆઇઆઇ અને મ્યુચ્યુઅલ ફંડ્સના માર્કેટ શેર વચ્ચેનું અંતર ઘટીને માત્ર 4.67 ટકા થઇ ગયું છે. માત્ર એક ક્વાર્ટરમાં તેમાં 83 બેસિસ પોઇન્ટનો ઘટાડો થયો છે. જો આપણે બે વર્ષ પહેલાની વાત કરીએ, તો 31 ડિસેમ્બર, 2023 સુધીમાં, આ અંતર 9.34% હતું. એટલે કે લગભગ બે વર્ષમાં

**એસેટ પ્લાનિંગ**

આ અંતર ઘટીને લગભગ અડધું થઇ ગયું છે. જો આપણે વધુ પાછળ જઇએ તો માર્ચ 2015માં બંને વચ્ચેનું અંતર 17.14 ટકા હતું. તે સમયે એફઆઇઆઇનો હિસ્સો 20.70 ટકા હતો, જ્યારે મ્યુચ્યુઅલ ફંડનો હિસ્સો માત્ર 3.56 ટકા હતો. તેનાથી સ્પષ્ટ થાય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં સ્થાનિક રોકાણકારોની ભાગીદારીમાં ઝડપથી વધારો થયો છે.

# કોરિયાના કોસ્પીમાં ઘટાડો એ ભારતીય શેરબજાર માટે ફાયદારૂપ બની શકશે?

વૈશ્વિક એઆઇ વ્યવસાયમાં ભારે ઉથલપાથલને કારણે દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ તેના ઐતિહાસિક શિખરથી 18 ટકા નીચે આવ્યો છે. તાજેતરમાં કોરિયન બજારમાં તેજી જોવા મળી હોવા છતાં, નિષ્ણાતો ચેતવણી આપે છે કે આ ઘટાડો મંદીના દરવાજા ખોલી શકે છે. નોંધનીય છે કે કોસ્પી ઇન્ડેક્સ 200 ટકા વધ્યા બાદ માત્ર 18 ટકા ઘટ્યો છે, એટલે બજાર 'સસ્તુ' નથી, પરંતુ 'ટોચથી સસ્તુ' છે – જે અલગ બાબત છે.

તેનાથી વિપરીત, ભારતીય શેરબજારમાં નિફ્ટીએ છેલ્લા એક મહિનામાં 3 ટકાની તેજી દર્શાવી છે, જે ભારતના વ્યાપક કમાણી આધાર તરફ આંગળી ચીંધે છે. નિફ્ટીએ નાણાકીય વર્ષ 2026માં 15.6 ટકાની કમાણી વૃદ્ધિ દર્શાવી હતી, જે બેંકિંગ, વપરાશ, માળખાગત સુવિધા, આઇટી અને ફાર્મા જેવા ક્ષેત્રોમાં ફેલાયેલી હતી - કોઈ એક ક્ષેત્રનું વર્ચસ્વ નહોતું, જેમ કે કોરિયાના ઇન્ડેક્સમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રનો કેસ છે. "ભારતમાં વળતર એક વર્ષમાં એટલું મજબૂત ન હોઈ શકે, પરંતુ તે વધુ ટકાઉ છે.

આ ઉપરાંત, કોસ્પીની મંદી જોઈને ભારતીય શેરબજારમાં વેચાણ કરનારા મંદીવાળાઓ પણ નુકશાન ભોગવવું પડી શકે. એઆઇ સેમિકંડકટર સીમિત નહીં સાર્વત્રિક સેકટરોના પોઝિટિવ રૂખ અને યોગ્ય વેલ્યુએશન બાદ વિદેશી રોકાણકારો પરત ફરે છે કે નહીં તેની ઉપર બજારની તેજી-મંદી જોવા મળશે. હાલમાં તો ભારતીય શેરબજાર સ્થાનિક ફંડો-રોકાણકારોના આધારે ટકેલું છે.

**કોરિયાના કોસ્પીના ઘટાડાને જોઈને મંદીવાળાઓ નિફ્ટીમાં વેચાણ કરશે તો નુકશાન ભોગવવું પડી શકે, કોરિયાથી વિદેશી રોકાણકારો એક્ઝિટ થઈને ભારતીય બજારમાં એન્ટ્રી કરશે**

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ 2026 સુધીમાં ભારતમાંથી આશરે 2.6 લાખ કરોડ પાછા ખેંચી લીધા છે, જેમાંથી મોટાભાગની મૂડી કોરિયામાં સેમસંગ અને એસકે હાઇનીક્સ અને તાઇવાનમાં ટીએસએમસી દ્વારા વૈશ્વિક એઆઇ સેમિકન્ડક્ટર બિલ્ડઆઉટને અનુસરી રહી છે. હવે, ટેક વ્યવસાય ગંભીર દબાણમાં આવી રહ્યો છે, ત્યારે ભારતીય શેરબજાર માટે લાભદાયી સાબિત થઈ શકે છે, તેવો એક સવાલ ઉભો થઈ રહ્યો છે. આ વિદેશી રોકાણકારોના નાણાં ભારતીય શેરબજારમાં પરત ફરી શકે છે, તેવી પણ સંભાવના દેખાઈ રહી છે, આ સંભાવના ત્યારે જ સફળ થાય કે જે એઆઇ સેમિકંડકટર પર દબાણ છે જો તે દબાણ હળવું થાય તો ફરીથી કોરિયન બજારો તેજીની રફતાર પકડી શકે છે.

બીજી તરફ, નિષ્ણાતો પણ માની રહ્યા છે કે, કોરિયન શેરબજાર ક્રેશ પછી 'સસ્તા' થઈ ગયા છે તે દલીલ ગેરમાર્ગે દોરનારી છે, જેમાં 200 ટકાની તેજી આવી છે, જેમાંથી માત્ર 18 ટકા ઘટ્યું છે.

જોકે, વાસ્તવિક વાત એ પણ છે કે કોરિયાના કોસ્પી ઇન્ડેકસમાં સેન્સેકસ અને એસકે હિનિક્સનો ઇન્ડેક્સમાં 52 ટકા જેટલો હિસ્સો છે. આ ઉપરાંત રિટેલ માર્જિન રેટ વધીને રેકોર્ડ 37.74 ટ્રિલિયન વોન થઈ ગયું છે. જે એક બજારની નબળી નિશાની કહી શકાય.

2026માં ભારતમાંથી કુલ એફપીઆઇનો આઉટફ્લો આશરે 1.92 લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. તે મૂડીનો મોટો ભાગ કોરિયામાં સેમસંગ અને એસકે હાઇનિક્સ અને તાઇવાનમાં ટીએસએમસીમાં રોકાણ થયું છે, હવે ત્યાંથી એફપીઆઇ એક્ઝિટ કરી રહ્યા છે, તે પૈકી મોટાભાગનું રોકાણ ભારતમાં પ્રવેશી શકે છે.

બીજું, ભારતીય ઇક્વિટીમાં વેલ્યુએશનનું રીસેટ, જે અમુક અંશે પહેલાથી જ થઇ ચૂક્યું છે. નિફ્ટી

**ગ્લોબલ બઝ**

આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ 10 ટકા ડાઉન છે, અને એમએસસીઆઇ ઇમર્જિંગ માર્કેટ્સ ઇન્ડેક્સમાં માત્ર 15.25 ટકાના બેન્ચમાર્ક વેઇટ સાથે, ભારત હવે વૈશ્વિક ઊભરતાં-માર્કેટ પોર્ટફોલિયોમાં સૌથી નીચા વજનવાળા દેશોમાંનું એક છે.

ઇતિહાસ દર્શાવે છે કે જ્યારે મેક્રો પરિસ્થિતિઓ બદલાય છે ત્યારે વિદેશી રોકાણનું નીચું સ્તર ઝડપી પુનઃપ્રવેશ માટે સારો આધાર બનાવે છે. જેના આધારે સ્થાનિક વૃદ્ધિ, એસઆઇપીની આગેવાની હેઠળની બજારની સ્થિરતા, નક્કર સુધારાની વાર્તા અને વિદેશી રોકાણના પહેલાથી જ નીચા સ્તરને જોતાં, એઆઇ-વેપાર પછીના નાણાંની નવી લહેરથી સૌથી વધુ લાભ મેળવવા માટે ભારત શ્રેષ્ઠ સ્થિતિમાં છે.

# લેધર અને ફૂટવેર ઉદ્યોગની નિકાસમાં 15 બિલિયન યુએસ ડોલરનો લક્ષ્યાંક

યુકે એફટીએ 15 જુલાઈથી અમલમાં આવશે, યુરોપિયન યુનિયન એફટીએનું કાનૂની સ્ક્રબ આગામી 15-20 દિવસમાં પૂર્ણ થવાની અપેક્ષા

લેધર બનાવવું એ 7,000 વર્ષ જૂની કળા છે અને તેના નિશાનો સિંધુ ખીણની સભ્યતામાં મળી શકે છે. ફૂટવેર અને લેધરની વાર્તા ભારતની વાર્તા સાથે વણાયેલી છે,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે લેધર (ચર્મ) અને ફૂટવેર ઉદ્યોગને આગામી પાંચથી છ વર્ષમાં અથવા તેનાથી પણ વહેલા નિકાસમાં ઓછામાં ઓછા 15 બિલિયન યુએસ ડોલરનો લક્ષ્યાંક રાખવા અને નવા મુક્ત વ્યાપાર કરારો (FTAs) નો લાભ ઉઠાવી, બજારોમાં વિવિધતા લાવી તેમજ ગુણવત્તા, ડિઝાઇન, બ્રાન્ડિંગ, સસ્ટેનેબિલિટી અને સ્કેલને મજબૂત કરીને તેની નિકાસ કામગીરીમાં ત્રણ ગણો વધારો કરવાનું લક્ષ્ય રાખવા આહ્વાન કર્યું છે.

નવી દિલ્હીમાં કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટ્સ નેશનલ એક્સપોર્ટ એક્સેલન્સ એવોર્ડ્સ ફોર 2024-25 ને સંબોધિત કરતા ગોયલે કહ્યું હતું કે, આ ક્ષેત્ર, જે હાલમાં આશરે 4-4.5 બિલિયન યુએસ ડોલરના મૂલ્યની વસ્તુઓની નિકાસ કરે છે, તે જબરદસ્ત પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ઉદ્યોગને આગામી વર્ષો માટે મહત્વાકાંક્ષી

**લેધર સેક્ટર રોજગારીને 40 લાખથી વધુ લોકોથી વધારીને 1 કરોડ સુધી પહોંચાડી શકે છે**

લક્ષ્યાંકો નક્કી કરવા જોઈએ. "જો હું તમારા સ્થાને હોત, અથવા જો હું એમ કહી શકું કે તમારા લેધરના શૂઝમાં હોત, તો હું આગામી પાંચથી સાત વર્ષમાં 3 ગણાથી ઓછા પરિણામની આકાંક્ષા ન રાખત," અને તેમણે ઉમેર્યું કે ઉદ્યોગ નિકાસમાં 15 બિલિયન યુએસ ડોલરનું લક્ષ્ય રાખી શકે છે.

ભારતની લેધર નિકાસનો 77% હિસ્સો હાલમાં માત્ર 15 દેશોમાં જાય છે. તેમણે કહ્યું કે હવે સમગ્ર વિશ્વમાં વિવિધતા લાવવાનો સમય આવી ગયો છે. જે 38 વિકસિત દેશોના બજારો ખોલવામાં આવ્યા છે તે ઉપરાંત, ભારત પહેલેથી જ 10 આસિયાન (ASEAN) દેશો, જાપાન અને કોરિયા સાથે એફટીએ ધરાવે

ઓમાન અને યુએઈ (UAE) સાથે પહેલેથી જ એફટીએ ધરાવે છે અને છ દેશોના બ્લોક સાથે વાટાઘાટો કરી રહ્યું છે, જે અન્ય ચાર દેશો ઉમેરી શકે છે અને આ સંખ્યા 55 પર પહોંચાડી શકે છે. ભારત મેક્સિકો સાથે પણ વાતચીત કરી રહ્યું છે, જે આ સંખ્યાને 56 પર લઈ જશે, અને બ્રાઝિલ તથા તેની સાથે જોડાયેલા અન્ય ત્રણ દેશો સાથે વાતચીત ચાલી રહી છે, જેનાથી આ સંખ્યા 60 પર પહોંચી જશે,

ભારત દ્વારા આખરી ઓપ આપવામાં આવેલા એફટીએ (FTAs) 38 વિકસિત દેશો માટે દરવાજા ખોલી રહ્યા છે અને લેધર અને ફૂટવેર સેક્ટર માટે નોંધપાત્ર નવી તકો ઊભી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે યુકે એફટીએ (UK FTA) 15 જુલાઈથી અમલમાં આવશે. ઇયુ એફટીએ (EU FTA) નો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે રવિવારે બ્રસેલ્સમાં યુરોપિયન યુનિયનમાં તેમના સમકક્ષ સાથે તેમની બહુ સારી વાતચીત થઈ હતી અને બંને પક્ષો આગામી 15-20 દિવસમાં કાનૂની સ્ક્રબ (Legal Scrub) પૂર્ણ કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે.

14 અને 15 જુલાઈએ બ્રસેલ્સમાં તેમના ઇયુ સમકક્ષને મળશે. તેમણે કહ્યું કે તેઓ ઉદ્યોગપતિઓના

**બિઝનેસ વ્યૂ**

પ્રતિનિધિમંડળ સાથે બ્રસેલ્સ, સ્પેન અને ફિનલેન્ડનો પ્રવાસ કરશે, કારણ કે ભારતે ભારતીય ઉત્પાદનો, માલસામાન અને સેવાઓનું માર્કેટિંગ કરવાનું અને વ્યવસાયિક પ્રતિનિધિમંડળોને વિદેશમાં લઈ જવાનું શરૂ કરી દીધું છે જેથી દેશ અને તેનો ઉદ્યોગ ભવિષ્ય માટે સજ્જ રહે તે સુનિશ્ચિત કરી શકાય.

ભારતે જે એફટીએ આખરી ઓપ આપ્યા છે અને વિકસિત દેશોમાં આ ક્ષેત્ર માટે જે નવા બજારો ખૂલ્યા છે તેનો મહત્તમ લાભ મેળવવા માટે ઉદ્યોગ તૈયાર રહેવું જોઈએ.

દક્ષિણ આફ્રિકા અને પડોશી દેશો સહિત સેકુ (SACU) પ્રદેશ, તેમજ ઈઝરાયેલ, યુરેશિયા, સેન્ટ્રલ એશિયા, રશિયા અને ચિલી સહિત ઘણા દેશો ભારત સાથે એફટીએ અને વ્યાપક આર્થિક ભાગીદારી કરવા માંગે છે,ઈક્વાડોરના મંત્રીઓએ પણ એફટીએમાં રસ દાખવ્યો છે. માત્ર યુએસએ, યુકે, જર્મની અને ઇટાલી જેવા મોટા બજારો પર જ ધ્યાન કેન્દ્રિત ન કરે, જો કે આ દેશોમાં રહેલી વિશાળ સંભાવનાઓનો તેમણે સ્વીકાર કર્યો હતો. તેમણે કહ્યું કે નિકાસકારોએ નાના વિકસિત દેશો તરફ પણ જોવું જોઈએ, જ્યાં ગ્રાહકો ફૂટવેર ખરીદે છે અને બદલે છે અને જ્યાં ડિઝાઇનર બ્રાન્ડ્સનું બજાર છે. તેમણે કહ્યું કે, આ દેશોમાં ભારતીય ડિઝાઇનર બ્રાન્ડ્સ રજૂ કરવી જોઈએ. આ સંભાવનાઓ માત્ર ફૂટવેર પૂરતી મર્યાદિત નથી પરંતુ બેગ, વોલેટ, ઘોડાના જીન, જેકેટ, કપડાં અને વસ્ત્રો સુધી વિસ્તરેલી છે. તેમણે નોંધ્યું કે લેધર જેવા બહુ ઓછા ઉદ્યોગો છે જેના આટલા વ્યાપક ઉપયોગો છે, અને લેધરનો ઉપયોગ જીવનના લગભગ દરેક પાસામાં થાય છે.હોસ્પિટલોમાં ઓપરેશન થિયેટરોથી લઈને ક્રિકેટ, ફૂટબોલ અને હોકીના મેદાનો અને સ્ટેડિયમો સહિતની રમતગમત સુધીના ઉપયોગો ટાંક્યા હતા. તેમણે બૂટ, વોલેટ, બેલ્ટ, ઘડિયાળો, ઘડિયાળના સ્ટ્રેપ અને કેપ્સનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ ઉપયોગોની યાદી અનંત છે. ફર્નિચર અને હાઇ-એન્ડ વોલ કવરિંગ્સ સહિત અપહોલ્સ્ટ્રીમાં લેધરના ઉપયોગ પર વધુ પ્રકાશ પાડ્યો અને જણાવ્યું કે આ ઉદ્યોગ આશરે 100-200 થી લઈને 100 યુએસ ડોલરના અપહોલ્સ્ટ્રી ઉત્પાદનો સુધીની વિશાળ શ્રેણી અને પ્રાઇસ પોઇન્ટ્સ પૂરા પાડે છે.